PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૯/ક્વા–૦૨/૧૮–૧૯/ 8713-5 તા. 14-5-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
કોડીયાતર કમાભાઈ ડોસાભાઈ,
ગામ: મેસવાણ
તા.કેશોદ
જી.પોરબંદર
મો: ૯૭૨૬૨ ૦૭૪૨૬

4C

વિષય :–વીજલાઈન દુર કરી આપવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૧–૦૮–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૯/ક્વા–૦૨/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી , કેશોદ

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં. –૧, કેશોદ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૨૯/કવા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૦૬–૦૯–૧૮ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: કોડીયાતર કમાભાઈ ડોસાભાઈ, ગામ: મેસવાણ

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં. –૧, કેશોદ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી , કેશોદ)

રજુઆત કરનાર :પી.જી.જોશી – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી , કેશોદ

## : હુકમ :

ફરીયાદ : વીજલાઈન દુર કરી આપવા બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, કોડીયાતર કમાભાઈ ડોસાભાઈ, ગામ:મેસવાણ ની અરજી છે કે – તા.કેશોદ ના વિનોદભાઈ જસમતભાઈ ભાલોડીયા ના જોડાણ માટે – તેઓના શેઢા ઉપર નખાયેલ પોલ ઉપર થી પાસ કરેલ ૧૧ કેવી લાઈન ના તાર સાઈડ ક્રોસમ મારી જો દુર કરી આપવામા આવે અથવા તો નવો પોલ ઉભો કરી આપવામા આવે તો – તેઓને જે તે જગ્યાએ ભવિષ્યમાં ઉભુ કરવાનુ થતુ ગોડાઉન – ઉભુ થઈ શકે તેમ નથી. તેમજ સદર વીજલાઈન ને તેઓને ગેરહાજરીમાંજ ઉભી કરવા આવી છે. આમ, ઉપરોક્ત બાબત માત્રે જ – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી કેશોદ તાલુકાના મેસવાણ ગામે શ્રી વિનોદભાઈ જસમતભાઈ ભાલોડીયાના નવા ખેતીવાડી વિજ જોડાણ માટે કેશોદ (ગ્રામ્ય-૧) પેટા વિભાગીય કચેરીના (આર.ઈ.) વિભાગ દ્વારા લાઈન કામગીરી કરવામાં આવેલ.સદર કામગીરીના લાઈનના વાયર અરજદાર ને નડતરરૂપ છે, જે અન્વયે નાયબ ઈજનેર (આર.ઈ.) તેમજ કોન્ટ્રાક્ટર તા.૨૭.૦૮.૧૮ ના રોજ સ્થળ ઉપર ઉપસ્થિત રહેલ અને અરજદાર ના પ્રતિનિધિ શ્રી ગોવિંદભાઈ કરમણભાઈ કોડીયાતર તેમજ ખેતીવાડી વિજ કનેક્શનના અરજદાર શ્રી વિનોદભાઈ જસમતભાઈ ભાલોડીયાની ઉપસ્થિતિમા હયાત સ્થળથી ૫ (પાંચ) મિટર દુર ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભું કરવા તમામની હાજરીમાં સહમતી સધાયેલ છે. જે અંગે વરસાદનું વગેરેનું વિઘ્ન ન નડે તો દિવસ-૭ મા સદર કામ પૂર્ણ કરવા કોન્ટ્રાકટર ને નાયબ ઈજનેર (આર.ઈ.) દ્વારા સૂચના આપવામાં આવેલ છે. આમ અરજદાર ની રજૂઆત અંગે યોગ્ય કાર્યવાહી થયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને — પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદાર ના પ્રતિનિધિ અને નવુ વીજજોડાણ અપાયેલ છે, તે શ્રી વિનોદભાઈ જસમતભાઈ ભાલોડીયા તેમજ કોન્ટ્રાકટરના પ્રતિનિધિ ની હાજરી માં તા.૨૭.૦૮.૧૮ ના રોજ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં. –૧, કેશોદ ના નાયબ ઈજનેર (આર.ઈ.) દ્વારા સ્થળ મુલાકાત લીધેલ તે મુજબ– સર્વ સંમતિ થી હયાત સ્થળથી ૫ (પાંચ) મિટર દુર ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભું કરવા સહમતી સધાયેલ છે, તે મુજબ ની કામગીરી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા દિવસ-૭ મા પૂર્ણ કરી આપવામા આવશે, જેથી અરજદાર ની ફરીયાદ નુ સંતોષકારક નિરાકરણ થતા અરજદારે સદર વિષય સબંધક, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૨૭–૦૮–૧૮ નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.